#093

I will..😎

“શીખવાની તૈયારી એટલે વિકાસની શરૂઆત” — આ એક ખૂબ જ સરળ પણ જીવન બદલનારું સત્ય છે.

ઘણાં લોકો કહે છે, “મને આવડતું નથી”, પરંતુ સફળ લોકો કહે છે, “હું શીખી લઈશ.” ફરક ફક્ત એટલો જ તૈયારી નો જ છે.

જો કોઈ મનથી તૈયાર છે, શીખવા માટે,
તો એ ભૂલથી ડરશે નહીં,
એ પ્રશ્ન પૂછશે,
અને એ રોજ થોડું આગળ વધશે.

એક બાળક જ્યારે ચાલતા શીખે છે,
તે ઘણી વાર પડી જાય છે…
પણ તે રોકાતું નથી — કારણ કે તેની અંદર શીખવાની તૈયારી હોય છે.

એ જ સિદ્ધાંત જીવનમાં પણ લાગુ પડે છે.

જો આપણે કહીએ:
“મને બધું નથી આવડતું… પણ હું શીખવા તૈયાર છું,”
તો વિશ્વની કોઈ શક્તિ આપણને આગળ વધતા રોકી નહીં શકે.

“શરૂઆત perfect હોવી જરૂરી નથી…
પણ શીખવાની તૈયારી હોવી જ જોઈએ!”